
# અરવલ્લીમાં એટીએમ તોડતી ગેંગનો તરખાટ



### અરવલ્લી જીલ્લામાં મોટા ભાગના એટીએમ મશીનોમાં સિક્યુરિટી ગાર્ડ વિહોણા

રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકો એટીએમ ધારકો પાસેથી એટીએમના મસમોટા ચાર્જ વસૂલી રહી છે પરંતુ મોટા ભાગના એટીએમ સિક્યુરિટી વિહોણા હોવાથી ગ્રાહકોની સુરક્ષા પણ જોખમાય છે. અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા વિવિધ બેંકોના એટીએમ મશીનો પર આરબીઆઈની ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરી સિક્યુરિટી ગાર્ડ વગર નધણિયાત છોડી દેવામાં આવતા એટીએમ તોડતી ગેંગ માટે એટીએમને ગેસકટરથી કાપી ચોરીની ઘટનાને અંજામ આપવામાં સરળતા રહેતા સમયાંતરે એટીએમમાં ચોરીની ઘટનાઓ બની રહી છે.

## ત્રણ એટીએમને નિશાન બનવ્યા : ડેમાઈ સેન્ટ્રલ બેંકના એટીએમમાંથી ૬.૪૩ અને મોડાસા કેનરા બેંક એટીએમમાંથી ૧.૩૭ લાખની ચોરી

મેડાસા, તા. ૧૧

રાજ્યમાં અવારનવાર એટીએમ લૂંટની ઘટના બનતી રહે છે. રાજ્યમાં આવેલા એટીએમમાં કેમેરા હોવા છતાં પણ તસ્કરો ચોરી કરવામાં સફળ થતા હોય છે. અરવલ્લી જીલ્લામાં કારમાં ગેસ કટર સાથે પહોંચી એટીએમમાં ચોરી નજીક આવેલા ડેમાઈ ગામમાં આવેલા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના એટીએમમાં લૂંટારાઓની ગેંગે એટીએમ મશીનને ગેસ કટરથી કાપી ૬.૪૩ લાખ અને મોડાસાના માલપુર રોડ પર આવેલ કેનરા બેંકના એટીએમ માંથી ૧.૩૭ લાખની ચોરી કરી રફુચક્કર મશીનને નિશાન બનાવ્યા હતા. ડેમાઈ આઉટ પોસ્ટ પોલીસ મથક નજીક આવેલા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના એટીએમને રાત્રીના ૩ વાગ્યાના સુમારે ગેસ કટરથી કાપીને અંદાજે રૂપિયા ૬. ૪૩ લાખની ચોરી કરી બાયડના પાવનપ્લાઝમા આવેલા કેનારા એટીએમમાં ચોરીની ઘટનાને અંજામ આપનાર તસ્કરોએ સીસીટીવી કેમેરા પર કાળા કલરનો સ્પ્રે છાંટીને લૂંટ ચલાવી હતી. જેથી લૂંટની ઘટના કેમેરામાં કેદ ન થાય અને કેમેરાની રેકોર્ડિંગની કેસેટ અને ડીવીઆર પણ સાથે લઈ જતા આ પ્રકારની







કરતી તસ્કર ટોળકીએ ટળખળાટ મચાવતા ૬ કલાકના સમયગાળામાં જીલ્લાના બે એટીએમ મશીનમાં લાખ્ખો રૂપિયાની ચોરી કરી અન્ય એક એટીએમમાં ચોરીના નિષ્ફળ પ્રયાસથી જીલ્લા પોલીસતંત્રમાં દોડધામ મચી હતી. સોમવારની રાત્રીએ બાયડ થઈ ગયા હતા. બાયડ પાવનપ્લાઝા નજીક આવેલા કેનરા બેંકના એટીએમમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ થયો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

સોમવારની મોડી રાત્રીએ એટીએમ ગેસ કટરથી તોડી ચોરીની ઘટનાને અંજામ આપનારી ગેંગે ટળખળાટ મચાવતા ત્રણ એટીએમ બેંકના એટીએમમાં પણ ચોરીનો પ્રયાસ થયો હતો ત્યાર બાદ વહેલી સવારે ૫ વાગ્યાના સુમારે મોડાસાના માલપુર રોડ પર આવેલી કેનરા બેંકના એટીએમને ગેસ કટરથી કાપી ૧.૩૭ લાખની ચોરી કરી એટીએમ તોડી ચોરી કરતી ગેંગ રફુચક્કર થઈ હતી. લૂંટ થતાં દોડધામ મચી ગઈ છે. હરકતથી રીઢા ગુનેગારો હોવાનું અને હરિયાણાની એટીએમ લૂંટ માટે દેશમાં કુખ્યાત ગણાતી મેવાત ગેંગનો હાથ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ અંગે બાયડ અને મોડાસા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.



### મોડાસાની કેનરા બેંકના એટીએમ તસ્કરો પાણીની બોટલ મૂકી જતા પોલીસ માટે મહત્વની કડી સાબિત થઇ શકે છે

મોડાસાની કેનરા બેંકના એટીએમમાં સૌપ્રથમ બુકાનધારી શખ્સ પ્રવેશી સીસીટીવી કેમેરા પર કાળા કલરનો સ્પ્રે છાંટી એટીએમને ગેસ કટરથી કાપી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. સીસીટીવી કેમેરા પર છાંટેલ કલર સ્પ્રેની બોટલ અને કિનલે પાણીની બે બોટલ એટીએમમાં છોડીને રફુચક્કર થઈ જતા તસ્કર ગેંગે એટીએમ ચોરીની ઘટનાને અંજામ આપતા પહેલા પાણીની બોટલ કોઈ હોટલમાંથી ખરીદી હોવાથી પોલીસ બાયડથી મોડાસા સુધીના હાઈવે પર આવેલી હોટલોના સીસીટીવી કેમેરા તપાસે તો લૂંટારૂઓ સુધી પહોંચવા મહત્તવની કડી સાબિત થઈ શકે છે.

# તલોદ તાલુકા પંચાયતના મનરેગા વિભાગમાં હજારો અરજદારોની ફાઈલો અભેરાઈ પર

### એક વર્ષથી ગ્રાન્ટ નથી આવી આવુ કહિ વર્ષોથી અરજદારોને સહાયકોને વંચિત રખાયા છે

તલોદ, તા. ૧૧

રાજ્ય સરકારના સમાજકલ્યાણ વિભાગ દ્વારા પંડિત દિન દયાળની મકામ સહાયથી અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ૧,૨૦,૦૦૦ જેટલી સહાયથી પણ મકામો વિકાશલક્ષી બન્યા છે. દ્વારા ગ્રાહકોને ચુકવવામાં આવે છે પરંતુ અનેક ધરમ ધક્કાથી કંટાળી લોકોએ ઉચ્ચકક્ષાએ રજુઆતો કરતા તાલુકાપંચાયતની અનેક યોજના ખોરંભે પડતા સરકારના આ અભિગમનો છેદ ઉડાડતા ગ્રાહકોએ રોષ વ્યક્ત કરતા




આ સહાય ત્રણ હપ્તામાં ચુકવણુ સરકાર દ્વારા થાય છે. આમ છતાય આજની મોંઘવારી અને માલ મર્ટીયરલ્સના વધતા ભાવ વધારાને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા મકામ મજુરી ૧૭,૦૦૦ છ હપ્તાથી તાલુકા પંચાયતના મનરેગા વિભાગ લાલઘુમ બન્યા છે.

તલોદ તાલુકા પંચાયતના ટીડીઓથી માંડી જિલ્લા અને રાજયકક્ષાએ અનેક રજુઆતો સહાયકોએ કરવા છતાં આજદિન સુધી કોઈજ પરિણામ ન મળતા મહિયલ ગામના એક સહાયકે મારી અરજીથી મળતી આ મજુરી સહાય મળે તો આ વિભાગને દાનમાં આપી દેવાનુ પણ જણાવાયુ છે. આમ કેટલાક સહાયકોની તપાસ કરતા ઉછીના નાણા લેવા મજબુર થવુ પડે, દાગીના વેચી મારવા પડે, ગીરવે ચીજવસ્તુઓ મુકવી પડે તેવી આ કર્મીઓ તલોદમાં સ્થિતિ ઉભી કરી છે. વધુમાં સંપૂર્ણ તપાસ પ્રક્રિયા પૂર્ણ થયા પછી પણ કાગળ ફાઈલો ધુળ ચાટતા લોકોના ટોળેટોળાની ઉઘરાણી બંધ કરવા કે ઓછી કરવા માસ્ટર માઈન્ડ આ કર્મીઓ વારંવાર ખૂટતા કાગળો મંગાવવાનુ મોટુ નાટક કરી રહ્યા છે.

જિલ્લા સમાજકલ્યાણ નિરક્ષક તાલુકા પંચાયતમાં બિલકુલ આવતા નથી તેમના નિમાયેલા એજન્ટો દ્વારા હપ્તાઓથી વહાલાદવલાની નિતિ અપનાવી સાચા ગ્રાહકોને આ સહાયથી વંચિત રાખી સરકારના આ અભિગમના ખુલ્લેઆમ ભ્રષ્ટાચારથી મજાક ઉડાવી રહ્યા છે અને જેની તપાસ કરવા ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# અરવલ્લી આંજણા ચૌધરી સમાજનો સપ્તપદી સમૂહ લગ્નોત્સવ ભેંસાવાડા ખાતે યોજાયો

અખિલ આંજણા ચૌધરી સમાજ અરવલ્લીનો સાતમો સપ્તપદી સમૂહ લગ્નોત્સવ




અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ભેંસાવાડા ખાતે યોજાયો હતો.

જેમાં ૧૦ યુગલોએ દામ્પત્ય જીવનની શરૂઆત કરી હતી. અરવલ્લી આંજણા ફાઉન્ડેશન દ્વારા આ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયની સૌથી વધુ માંગ છે સમૂહ લગ્નોત્સવ. સમૂહ લગ્નોત્સવથી આઠ ફાયદા તો સીધા થાય છે. સમય, અર્થ, સુખ, સમર્પણ, સંગઠન, સાહસ, શિક્ષા અને સામાજિક સમરસતા વધે છે. સમૂહ લગ્નોત્સવની થેરોપીથી પણ સમાજની તબિયત સુધરતી હોય છે. એ સિવાય અપ્રત્યરૂપે ઘણા લાભ સમૂહ લગ્નોત્સવમાં થાય છે. મુઠ્ઠીભર યુવા ચેતનાઓએ સાત વર્ષ પહેલાં સમૂહ લગ્નોત્સવનો પ્રારંભ કર્યો હતો.

સમાજનો બહોળો પ્રતિસાદ મળતાં અરવલ્લી આંજણા ફાઉન્ડેશનના નેજા હેઠળ આયોજીત સાતમો સપ્તપદી સમૂહ લગ્નોત્સવ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ને રવિવારના રોજ ફુલ ગુલાબી માહોલમાં અને વસંતી વાયરાઓની સાક્ષીમાં ભેંસાવાડાની પાદરમાં સંગીતમય અને હજારો સમાજજનોની હૂંફાળી હાજરીમાં યોજાયો હતો. આંજણા ફાઉન્ડેશનના યુવાઓ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમૂહલગ્નોત્સવમા ૧૦ યુગલો રેશમ ગાંઠે ગૂંથાયા હતા. આ સમૂહ લગ્નોત્સવમાં ૧ લાખ સ્કે. ફુટનો મંડપ બાંધવામાં આવ્યો હતો. પ્રકાંડ બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર, જાનૈયાઓનું સંગીતના સથવારે અને ૧૫ હજાર લોકોનો જમણવાર રાખવામાં આવ્યો હતો. સ્વયંસેવકોએ સુંદર કામગીરી કરી હતી. ભોજનને ટેબલ સુધી પહોંચાડવાની, ટ્રાફિક શિસ્તને જાળવવા ચૂનાની માર્કિંગ, દિવ્યાંગો અને સિનીયર સિટીઝન માટે વ્હીલચેર, દૂધપીતા બાળકો માટે ઘોડિયાઘર અને મેડીકલની ટીમ અને અગ્નિશામક દળની વ્યવસ્થા કરવામાં આવી હતી. અરવલ્લી આંજણા ફાઉન્ડેશન ધ્વારા આ સમૂહ લગ્નોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

### બીએસએફ જવાનનો મૃતદેહ

# આરોપીઓની ધરપકડની માંગ સાથે ૩૨ કલાક સુધી રઝળ્યો

ભિલોડા, તા. ૧૧

ભિલોડાના તાલુકાના મલેકપુર ગામે ગત ગુરૂવારે ઉચ્ચ અધિકારીઓએ પરિવારજનોને આરોપીઓને ઝડપથી જેલના સળિયા પાછળ પાછળ ધકેલી દીધા હતા.

૬ ફેબ્રુઆરીએ ભિલોડાના મલેકપુર ગામનો અને માં- મિત્રો પર સામાજિક અદાવતમાં કુહાડી, લોખંડની પાઈપ અને લાકડીઓથી ઘાતકી હુમલો કરતા આરોપીઓની ધરપકડની માંગ સાથે પરિવારજનો મલેકપુર ગામના ગ્રામજનોએ અડગ





રાત્રીએ બીએસએફમાં ફરજ બજાવતા રવિન્દ્ર ગામેતી નામના જવાન અને તેના બે મિત્રો પર ગામના જ ૯ શખ્સોએ ઘાતકી હુમલો કરતા બીએસએફ જવાનના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે અમદાવાદ ખેસડાયા પછી ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતા જવાનના મૃતદેહને અમદાવાદથી સીધો ભિલોડા પોલીસ સ્ટેશને પરિવારજનો અને સમાજના અગ્રણીઓ પહોંચતા અને આરોપીઓની ધરપકડની માંગ સાથે મૃતદેહ મૂકી રાખતા ૩૨ કલાક મૃતદેહ અંતિમવિધિથી વંચિત રહ્યો હતો. પોલીસતંત્રના ધકેલવાની હૈયાધારણા આપતા આખરે ૩૨ કલાક પછી બીએસએફ જવાનને સ્થાનિક પોલીસના ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધિ યોજાઈ હતી.

અરવલ્લી જીલ્લા એલસીબી પીએસઆઈ કે.કે. રાજપૂત અને તેમની ટીમે બીએસએફ જવાન પર ઘાતકી હુમલો કરી હત્યા કરનાર ૯ હત્યારાઓને રાજેન્દ્રનગર ચોકડી નજીકથી દબોચી લઈ જેલના સળિયા ભોમની રક્ષા કાજે જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ સાથે બાથ ભીડનાર બીએસએફ જવાન રવિન્દ્ર પ્રફુલભાઈ ગામેતી નામના જવાનને વતનમાં જ ગામના જ ૯ ગુંડાઓએ ગેરકાયદેસર મંડળી રચી બીએસએફ જવાન અને તેના બે બીએસએફ જવાનના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. કોમામાં સરી પડેલો યુવાન ૪ દિવસ સુધી મોત સામે ઝઝૂમ્યા પછી આખરે સોમવારે વહેલી સવારે દમ તોડી દેતા ભારે ચકચાર મચી હતી. અમદાવાદથી એમ્બ્યુલન્સ મારફતે બીએસએફ જવાનનો મૃતદેહ ભિલોડા પોલીસ સ્ટેશનમાં મૂકી દઈ રહેતા પોલીસતંત્રમાં દોડધામ મચી હતી.

બીએસસેફ જવાનનો મૃતદેહ અંતિમક્રિયા માટે ૩૨ કલાક રઝળ્યો હતો આખરે પોલીસતંત્રના ઉચ્ચ અધિકારીઓ અને સમાજના અગ્રણીઓ વચ્ચે ચર્ચાઓના દોર ચાલ્યા પછી પોલીસતંત્રના અધિકારીઓએ આરોપીઓને ઝડપથી જેલના સળિયા પાછળ ધકેલી દેવાની હૈયા ધારણા આપતા પરિવારજનો અને સગા-સંબંધીઓએ બીએસએફ જવાનનો મૃતદેહ સ્વીકારતા જવાનના માદરે વતન પોલીસતંત્રના ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમક્રિયા યોજાઈ હતી.

### બીએસએફ જવાનના હત્યારાઓને એલસીબી પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીકથી દબોચ્યા

અજયભાઈ સુરજીભાઈ નિનામા, જશપાલસિંગ નાનજીભાઈ નિનામા, મહેશભાઈ હીરાભાઈ ખરાડી, વિશાલભાઈ કાવજીભાઈ ખરાડી, વિજયભાઈ રતીલાલ ખરાડી, પ્રદિપભાઈ કાન્તીભાઈ નિનામા, નટુભાઈ વાલજીભાઈ નિનામા (તમામ રહે.મલેકપુર) અને કિર્તીભાઈ દિલીપભાઈ સડાત, અજયભાઈ દિલીપભાઈ સડાત રહે.વેજપુર તા.ભિલોડા.

# બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં મહાવિષ્ણુયાગ યોજાયો

### શ્રધ્ધાળુ ભાવિક ભક્તોએ દર્શનનો લ્હાવો લીધો

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામમાં શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં ૨/૨૦૨૦ ને રવિવારના રોજ કરાયુ હતું. અગ્નિહોત્રી આત્રેયકુમાર વ્યાસ, અગ્નિહોત્રી પરંતપકુમાર વ્યાસ, અગ્નિહોત્રી જહાનવી વ્યાસ,



મહાવિષ્ણુંયાગ યોજાયો હતો. શ્રધ્ધાળુ ભાવિક ભક્તોએ દર્શનનો લ્હાવો લીધો હતો. શ્રોત્રિય બ્રહ્મનિષ્ટ અગ્નિહોત્રી પરમ પુજ્ય શ્રી કૃષ્ણારામ બાપાજીના આશીર્વાદથી પવિત્ર પાવન તપોભુમિ શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં યજ્ઞનારાયણના ૧૧૨ વર્ષપુરા કરીને ૧૧૩ માં વર્ષમાં પ્રવેશ (પાટોત્સવ) નિમિત્તે મહાવિષ્ણુયાગનું આયોજન તા.૯/ અગ્નિહોત્રી પરીવારના સાનિધ્યમાં મહાવિષ્ણુયાગ યોજાયો હતો. યજ્ઞ પ્રારંભ સવારે ૮:૦૦ કલાકે, ધજારોહણ ૯:૦૦ કલાકે, દિપદાન ૯:૩૦ કલાકે, પુર્ણાહુતિ સાંજે ૪:૦૦ કલાકે, સાંજે ૫:૦૦ કલાકે મહાપ્રસાદી સાથે મહાવિષ્ણુયાગ સંપન્ન થયો હતો.

શ્રધ્ધાળુ ભાવિક ભક્તોએ દર્શન કરીને મહાપ્રસાદી મેળવી ધન્યતા અનુભવી હતી.



### ડીસા કોલેજની વિદ્યાર્થીનીઓનું સોફ્ટ બોલ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ સોફ્ટ બોલ સ્પર્ધામાં ડીસા કોલેજની વિદ્યાર્થીનીઓએ દર વર્ષની જેમ આ વર્ષે પણ રમતગમત ક્ષેત્રે વિવિધ રમતોમાં અનેક સિદ્ધિઓ મેળવી ડીસા કોલેજને રાજ્ય અને નેશનલકક્ષાએ ગૌરવ અપાવ્યુ છે. તાજેતરમાં મહિલા કોલેજ ઊંઝા ખાતે આંતર કોલેજ બહેનોની સોફ્ટબોલ સ્પર્ધામાં ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રનરઅપમાં સ્થાન મેળવી સિલ્વર મેડલ મેળવ્યો હતો. ટીમના સુકાની મમતા ધોબી અને ટીમના તમામ ખેલાડીઓને કોચ ચૌધરી કોલેજના પ્રિન્સિપાલ રાજુભાઇ રબારી, નિયામક છગનભાઇ પટેલ અને ટ્રસ્ટીઓએ ખૂબ ખૂબ બિરદાવ્યા હતા.